ગાંધીનગર સમાચાર

**ગાંધીનગરથી કડી, મહેસાણા, કલોલ રૂટની બસ સેવાના નામે મીંડુ**

# ગાંધીનગર રાજયમાં સૌથી ઠંડુ શહેર




## છેલ્લા ૨૪ કલાકમાં જ લઘુત્તમ તાપમાન ૫ ડિગ્રી ઘટયુ : આક્રમક ઠંડીની અસરથી જનજીવન પ્રભાવિત : સાંજ ઢળતા જ શહેરના મુખ્ય માર્ગો તેમજ સેકટરોની શેરીઓમાં સુનકાર

ગાંધીનગર તા ૧૭

ગાંધીનગર આજે સમગ્ર રાજયમાં સૌથી ઠંડુ શહેર રહયુ હતુ. ઠંડીનો પારો ૭.૬ડી ગ્રી પહોંચી ગયો પુરવાર થયુ હતુ.

દેશમાં ઉત્તર ભારતના વિસ્તારમાં કાતિલ ઠંડીનુ મોજુ પ્રવર્તયુ છે. જમ્મુ કાશ્મીરના કેટલાક ,હીમાચલ પ્રદેશ તેમજ ઉત્તરાખંડ સહીતના વિવિધ વિસ્તારોમાં કાતિલ ઠંડીના લીધે જનજીવન પ્રભાવિત થયુ છે. જયારે ઉત્તર ભારતની કાતિલ

હતો. ગઈકાલની સાપેક્ષમાં ઠંડીનો પારો ૫ ડી ગ્રી નીચે ઉતર્યો હતો. લઘુત્તમ તાપમાન તરફ પારાએ દોટ લગાવતા આજે દિવસ દરમિયાન પણ નગરજનોએ ઠંડીનો અહેસાસ કર્યો હતો. સીઝનની કાતિલ ઠંડી વચ્ચે સમગ્ર રાજયમાં શહેર ઠંડુગાર ભાગોમાં માઈનસ ૧૦ ડી ગ્રી સુધી ઠંડીનો પારો પહોંચી ગયો છે. જયારે મોટાભાગના વિસ્તારોમાં બરફની ચાદર પથરાયેલી જોવા મળે છે. ત્યારે ઉત્તર ભારતમાં આક્રમક ઠંડીની અસર દેશના અન્ય વિવિધ ભાગોમા પણ વર્તાઈ રહી છે. જમ્મુ કાશ્મીર ઠંડીના લીધે ગુજરાતમાં પણ કોલ્ડવેવની અસર ઘેરી બની છે. ઠંડીએ જોર પકડતા શિયાળો અસહ્ય બન્યો છે. ગત સપ્તાહ દરમિયાન પણ ઉતરાયણ પુર્વે ઠંડીનુ જોર વધતા નગરજનો ઠંડીમાં ઠુંઠવાયા હતા.

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં ૪૩૦થી વધુ શાળાઓમાં ગુણોત્સવ સંપન્ન

**સુંદર ચિત્રકલાથી પ્રભાવિત રાજ્યમંત્રી અને કલેક્ટર સતીષ પટેલે બાળકોને અભિવાદિત કર્યા : શંભુજી ઠાકોરે સામાન્ય જ્ઞાનની કસોટી લીધી તો રાજીવકુમાર ગુપ્તાએ સારા અક્ષારો પર ભાર મૂકયો**



ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લામાં આજે ત્રિદિવસીય ગુણોત્સવ બીજા દિવસે વધુ ૨૨૪ પ્રા. શાળાઓમાં યોજાયો હતો. જેમાં ૭૬ શાળાઓમાં બાહ્ય મૂલ્યાંકન અને ૧૪૮ શાળાઓમાં સ્વમૂલ્યાંકન યોજાયું હતું. બે જ દિવસમાં જિલ્લાની ૪૦૦થી વધુ શાળાઓમાં ગુણોત્સવ સંપન્ન થયો છે.

આજે બીજા દિવસે ૩૯,૧૭૧ બાળકોનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. આજે દહેગામમાં ૭૯, ગાંધીનગરની ૬૬ અને કલોલની ૪૪ તથા માણસાની ૩૫ શાળાઓમાં ગુણોત્સવ યોજાયો હતો.

પ્રભારી રાજ્યમંત્રી ડૉ. વાઘવાણીએ નારાવટ ગામે બાળકો સાથે મધ્યાહન ભોજનનો સ્વાદ માણ્યો હતો. તો નાયબ નિયામક ડૉ. દર્શનાબેન જોશીએ પારલા ખાતે ગુણોત્સવમાં જોડાયા હતા.

વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોર આનંદપુરા અંબોડ ખાતે પહોંચ્યા હતા. તો રાજ્ય સરકાર ઉચ્ચ સનદી અધિકારી રાજીવકુમાર ગુપ્તા ગણપતપુરા ગામમાં જઈ ગુણોત્સવમાં જોડાયા હતા.

આજે ગુણોત્સવમાં બાળકોને અંગ્રેજીનું પ્રશ્નપત્ર અને વાંચનમાં તકલીફો પડતી હોવાનું સામે આવ્યુ હતુ. જો કે ઘણી બધી શાળાઓમાં બાળકોએ ઓ.એમ.આર. શીટ નિયત સમય કરતાં વહેલી જમા કરાવી દીધી હતી.

ગુણોત્સવના સ્વ મૂલ્યાંકનની કામગીરીના મોનીટરીંગ માટે આજે જિલ્લા પ્રાથમિક શાસનાધિકારી એન.એચ. રાઠોડે ૩ શાળાઓની ઓચિંતી મુલાકાત લઈ સૌને ચોંકાવી દીધા હતા. નાયબ જિલ્લા શાસનાધિકારી સંજય પરમારે પણ નવ જેટલી શાળાઓની મુલાકાત લઈ મોનીટરીંગની કામગીરી કરી હતી.

ગુણોત્સવમાં બાળકોની ગેરહાજરી આજે ગઈકાલ જેટલી જ જણાઈ

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગરથી કડી, મહેસાણા, કલોલ રૂટની બસ સેવાના નામે મીંડુ

**બસ ન મળતા મુસાફરોને હાલાકી ઘણાં સમયથી બપોર બાદ બસ મળતી નથી : મુસાફરોમાં આક્રોશ**

ગાંધીનગર તા ૧૭

ગાંધીનગર ડેપોથી કડી કલોલ મહેસાણા તરફ જવા માટે છેલ્લા કેટલાક સમયથી બસ સેવા ખોરવાતા મુસાફરોએ સલામત સવારી માટે વલખા મારવા પડે છે. બપોર બાદ આ તરફ જવાના રૂટમાં બસ ન મળતી હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. ગાંધીનગર ડેપોને મોડેલ ડેપો બનાવાની યોજના હજુ સાકાર થઈ નથી. ગાંધીનગર અમદાવાદના રૂટમાં હજુ પણ બસો નિયમિત અને સમયસર ન દોડતી હોવોનો આક્રોશ પ્રબળ હોવાની ફરિયાદો વારંવાર ઉઠતી રહે છે. જયારે શહેર ઉપરાંત આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં પણ બસો નિયમિત ન હોવાના લીધે વિદ્યાર્થીઓ માટે મુંઝવણ ઉભી થતી હોવાનો સુર ઉઠવા પામ્યો છે. જેમાં શહેર આસપાસના ગામોમાંથી અવારનવાર ડેપો તંત્રને રજુઆત પણ કરવામાં આવે છે.

હાલ છેલ્લા કેટલાક સમયથી ગાંધીનગરથી કડી ,મહેસાણા,કલોલ સહીતના વિસ્તારમાં જવા માટે બસનુ જોડાણ મળતુ નથી. જયારે અમુક સમયે આ ગામો તરફના રૂટની બસો મળે છે. નિયમિત બસ સેવાના અભાવે સ્થાનિક મુસાફરોએ પારાવાર હાલાકી વેઠવી પડે છે. આ મામલે યોગ્ય આયોજન સાથે નિયમિત બસો દોડાવાય તેવી વ્યવસ્થા કરવા પ્રબળ માંગ ઉઠવા પામી છે.

# શહેરની પ્રાથમિક શાળાઓના શૈક્ષણિક સ્તરથી મુખ્ય સચિવ નારાજ

## શિક્ષકોને સંવેદનશીલ બની ગુણવત્તાસભર શિક્ષણ આપવા મુખ્ય સચિવની ટકોર



ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર શહેરની પ્રાથમિક શાળાઓના શૈક્ષણિક સ્તરને લઈ ચિંતાતુર બનેલ રાજ્યના મુખ્ય સચિવ જે.એન. સિંહે બાળકોના વિકાસ માટે શિક્ષકો સંવેદનશીલ બને તેવી ગંભીર ટકોર કરી હતી.

આજે સે. ૭ની પ્રાથમિક શાળામાં ગુણોત્સવ અંતર્ગત બાહ્ય મૂલ્યાંકન માટે આવેલ રાજ્યના મુખ્ય સચિવશ્રીએ શૈક્ષણિક સ્તર જોઈને આંચકો અનુભવ્યો હતો. ધો. ૬ થી ૮ના બાળકોના વાંચન મૂલ્યાંકનમાં નબળો દેખાવ જોયો તો લેખન દરમ્યાન અંગ્રેજી વિષયમાં બાળકોની મૂંઝવણને પળમાં પારખી ગયેલા મુખ્ય સચિવશ્રી સિંહે શૈક્ષણિક સ્તર અંગે શિક્ષકોને સંવેદનશીલ બની અંગ્રેજી જેવા સરળ વિષયમાં શિક્ષણ માટે વધુ પ્રેક્ટીસ કરાવવા પર ભાર મુક્યો હતો.

જો કે મુખ્ય સચિવશ્રીએ ધો. ૨ના બે વિદ્યાર્થીઓને આંક વિશે પૃચ્છા કરતાં બાળકોના ત્વરિત પ્રતિસાદ અને કડકડાટ ઘડિયા બોલી જતાં તેઓ ખુબજ પ્રભાવિત પણ થયા હતા.

પ્રાર્થના વખતે પહોંચેલા મુખ્ય સચિવશ્રી સિંહ પ્રાર્થનાના ઉચ્ચારણોથી પ્રભાવિત થયા હતા. પ્રાર્થનામાં ગાયત્રી મંત્રનું ગાન વિદ્યાર્થીઓએ કર્યુ હતું. તેમજ વેદના બે શ્લોકનું ગાન કરતાં વાતાવરણમાં એક

● અનુસંધાન પાન-૭ પર



ઠંડી હોય કે ગરમી... - કર્મ એ જ ધર્મ... એ સૂત્ર અને સિદ્ધાંતના આધારે જીવન જીવતા શ્રમજીવીઓ માટે આબોહવા અસર કરતી નથી... કડકડતી ઠંડીમાં પણ મજુરી માટે વહેલી સવારથી ઘરબાર સાથે નીકળે છે... અને મોડી સાંજે હાડ થીજવતી ઠંડીમાં પણ ઘર તરફ વળવાનું હોય છે... એમાંય ઉપર ગગન વિશાળની જેમ ભગવાન ભરોસે જીવન પસાર કરતા પરિવારોની સંવેદના સમાજને સમજાય તે જરૂરી છે... સાચે જ આર્થિક અસમાનતા સામાજીક સમસ્યાઓના મુળમાં છે...

## ધી ગાંધીનગર નાગરિક કો.ઓપ. બેન્ક લિ.

પ્લોટ નં. ૩૯૧, ઘ-૪।।, સેક્ટર-૧૬, ગાંધીનગર

### જાહેર નિવિદા

રસ ધરાવતી રજીસ્ટર્ડ પેઢીઓને જણાવવાનું કે, સેક્ટર-૬, પ્લોટ નં. ૧૫૩૨ ખાતે બેન્કની શાખામાં જરૂરી ફર્નીચર તથા જીપ્સમ બોર્ડ સિલીંગ તૈયાર કરવા માટેના ભાવપત્રકો મંગાવવામાં આવે છે. ટેન્ડરની શરતો તથા પ્લાનની નકલ ઉપરોક્ત સરનામે વહીવટી અધિકારી પાસેથી રૂપિ.। ૨૫-૦૦ ફી ભરીને ૧૦.૦૦ થી ૪.૦૦ વાગ્યા સુધીમાં મેળવી લેવી. જાહેરાતની તારીખથી દિન-૧૦માં ભાવપત્રકો ઉપરોક્ત સરનામે મોકલી આપવાના રહેશે.

લી.
મેનેજીંગ ડિરેક્ટર


શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એકસચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

મંડપ કેટરીંગ લાઈટીંગ ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અર્ચી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર । ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com